# જીવણપુર ગામે કલેક્ટર એમ.નાગરાજને રાત્રી રોકાણ કાર્યક્રમમાં ૨૬ પ્રશ્નોનો સ્થળ પર નિકાલ કર્યો



મોડાસા, તા. ૨૬

અરવલ્લી જીલ્લા કલેક્ટર એમ.નાગરાજન અને વહીવટીતંત્રના અધિકારીઓ દ્વારા જીલ્લાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં રાત્રી રોકાણ કાર્યક્રમ અંતર્ગત મુલાકાત કરી પ્રજાજનો પ્રશ્નો સાંભળી સ્થળ પર નિકાલ લાવવાની સાથે સકારાત્મક અભિગમ અપનાવવામાં આવતા પ્રજાજનોમાં આનંદ છાવ્યો છે. મોડાસા તાલુકાના જીવણપુર ગામે કલેક્ટર અને વહીવટીતંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહી સ્થળ પર ૨૬ પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવ્યું હતું. જીલ્લા કલેકટરે દીકરીઓના ઉચ્ચ અભ્યાસ માટે ભાર મુક્યો હતો. રોજગારલક્ષી કાર્યક્રમો અને વિવિધ લોકઉપયોગી યોજનાઓની માહિતી આપી હતી. ગ્રામજનો અને જીવનપુર ગ્રામપંચાયત દ્વારા જીલ્લાના પ્રજાજનોની તાતી જરૂરિયાત આવી સિવિલ હોસ્પિટલ બનાવવામાં જમીન ફાળવણી સાથે ત્વરિત બને તે માટેની કામગીરી માટે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. તાલુકા ખરીદ વેચાણ સંઘના અરૂણ પટેલે પ્રાસંગિક પ્રવચન કરી સ્વાગત કર્યું હતું. ગ્રામ પંચાયતના સરપંચ ભોગીલાલ પટેલે શાબ્દિક પ્રવચન કર્યું હતું.

## ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્યમિક શાળા તાલુકા કક્ષાએ કબડ્ડી સ્પર્ધામાં પ્રથમ નંબરે

ચિલોડા, તા. ૨૬

ગાંધીનગર તાલુકાની ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્યમિક શાળા ખાતે ખેલ મહાકુંભ-૨૦૧૮ અંતર્ત અન્ડર-૧૪, અન્ડર-૧૭ અને ઓપન વિભાગની કબડ્ડી ગર્લ્સની રમતોત્સવ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં તાલુકાની ૪૫ ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર સ્પર્ધાનું આયોજન શાળાના આચાર્ય સી.એચ. પટેલ, વ્યાયામ શિક્ષક પી.જે. પટેલ તથા શાળા પરિવારે કર્યુ હતુ. આ સ્પર્ધામાં અન્ડર-૧૪, અન્ડર-૧૭ અને ઓપન વિભાગની તમામ ગ્રુપમાં ચિલોડા હાઈસ્કૂલની ગર્લ્સ ટીમ વિજેતા બનતાં શાળાના આચાર્ય તથા શાળા પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# મોદી સરકારે ૪.૫ વર્ષનો હિસાબ આપવો જ પડશે : શંકરસિંહ વાઘેલા

### દિલ્હીમાં પત્રકાર પરિષદ યોજી બાપૂએ મોદી પર આકરા પ્રહારો કર્યા : ૧૦૦ સ્માર્ટ સિટી બનાવવાની વાત કરતી મોદી સરકારે કેટલી સ્માર્ટ સિટી બનાવી?

ન્યુ દિલ્હી,તા.૨૬

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બીજેપી સરકારી પર આકરા પ્રહાર કર્યા છે. શંકરસિંહ વાઘેલાએ દિલ્હીમાં કરેલી પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું છે કે, મોદી સરકારે ૪.૫ વર્ષનો હિસાબ આપવો જ પડશે. વાઘેલાએ વધુમાં કહ્યું હતું કે, જ્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રીમાંથી વડાપ્રધાન બન્યા ત્યારે તેમણે ઘણાં વાયદા કર્યા હતા. તો હવે તેમણે કેટલા વાયદા પૂરા કર્યા છે તે તેમણે જણાવવું પડશે.

શંકરસિંહ વાઘેલા આ પ્રેસ કોન્ફરન્સમાં વધુમાં કહ્યું હતું કે, બીજેપી સરકાર સિસ્ટમ વગર કામ કરે છે અને પારદર્શકતાની તો કોઈ વાત જ નથી. ૨૦૧૪માં મોદી સરકારે જે ચૂંટણી ઢંઢેરો બનાવ્યો હતો તેમાં દેશમાં ૧૦૦ સ્માર્ટ સિટી બનાવવાની વાત કરી હતી. તો તેમાંથી કેટલી સ્માર્ટ સિટી? મોદી સરકારે ‘અમારો સંકલ્પ‘ જાહેર કરીને સિસ્ટમ અને પારદર્શકતા સાથે કામ કરવાની વાત કરી હતી. પરંતુ તેમના કામમાં એવી કોઈ પારદર્શકતા દેખાતી નથી. આ ઉપરાંત તેમણે અમારો સંકલ્પમાં પ્રો-એક્ટિવ અને પ્રો-પીપલની પણ વાત કરી હતી.

પ્રેસ કોન્ફરન્સ દરમિયાન શંકરસિંહ વાઘેલાએ મોદી સરકારની આયુષ્માન યોજના ઉપર પણ આકરા પ્રહાર કર્યા હતા. નોંધનીય છે કે, શંકરસિંહ વાઘેલા ગુજરાતના રાજકારણમાં છેલ્લાં ૪૦ વર્ષથી સક્રિય છે અને તેઓ એક માત્ર એવા ગુજરાતના નેતા



છે કે, જેઓ બીજેપી અને કોંગ્રેસ બંનેમાં પ્રદેશ અધ્યક્ષ પદે રહી ચૂક્યાં છે.

આ ઉપરાંત કોંગ્રેસ સહિત વિવિધ પક્ષોના આગેવાનો સાથે આગામી સમયમાં શંકરસિંહ મુલાકાત કરવાના છે. ગુજરાત કોંગ્રેસના નેતાઓ સાથે પણ શંકરસિંહ મુલાકાત કરવાના છે. જો કે, શંકરસિંહ વાઘેલાએ રાહુલ ગાંધી સાથે પણ મુલાકાત કરી હોવાનું સૂત્રો જણાવી રહ્યાં છે.

# સિંહના સ્વાસ્થ્યની જાળવણી માટે સઘન ચકાસણી ઝુંબેશ

### ૪૫૩ સિંહ સ્વસ્થ્ય અને તંદુરસ્ત હાલતમાં : ચકાસણી દરમિયાન ૪૬૦ સિંહ જોવા મળ્યા : ગીરરક્ષિત અને ગીર બહારના વિસ્તારની તપાસ પરિપૂર્ણ કરી લેવાઈ

અમદાવાદ,તા.૨૬

ગીર પૂર્વ ધારી વિસ્તારના દલખાણીયા રેન્જમાં ૭ બાળ સિંહ સહિત કુલ ૧૪ સિંહોના ટેરીટોરિયલ ઈનફાઈટિંગ, ઈન્ફેક્શન તેમજ ઈજાના કારણે મૃત્યુ નોંધાયા હતા જે ઘટનાને રાજ્ય સરકારે અત્યંત સંવેદનશીલતાથી લઈને સિંહોના સ્વાસ્થ્યની જાળવણી માટે તા.૨૩મી સપ્ટેમ્બરથી સાવચેતીના પગલાંરૂપે રાજ્યના વન વિભાગ દ્વારા સઘન ચકાસણી ઝુંબેશ હાથ ધરી છે. આ દરમિયાન ૧૦૪૫ ચો.કિ.મી. ગીર રક્ષિત વિસ્તાર અને ૬૯૫ ચો.કિ.મી. ગીર બહારનો વિસ્તાર મળી કુલ ૧૭૪૦ ચો.કિ.મી. વિસ્તારની ચકાસણી પૂર્ણ કરાઈ છે, એમ રાજ્યના વન્ય પ્રાણી, અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની યાદીમાં જણાવાયું છે. યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર આ ચકાસણી દરમિયાન અત્યાર સુધીમાં ૪૬૦ સિંહો જોવા મળ્યા છે. તે પૈકી ૪૫૩ સિંહ સંપૂર્ણ સ્વસ્થ અને તંદુરસ્ત હાલતમાં જોવા મળ્યા છે, જ્યારે ૭ સિંહોમાં સામાન્ય ઈજા જોવા મળી છે. આજે તા.૨૬/૯/૨૦૧૮ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધીમાં વન વિભાગની ૧૪૦ ટીમના ફોરેસ્ટ ગાર્ડ, ફોરેસ્ટર, ટ્રેકર મળી કુલ ૫૮૫ કર્મચારી દ્વારા ગીર પૂર્વ અને ગીર પશ્ચિમ વન વિભાગ હસ્તકના ગીર રાષ્ટ્રીય ઉદ્યાન, ગીર અભયારણ્ય તથા તેને સંલગ્ન વિસ્તાર પૈકી આશરે ૯૫૪ ચો.કિ.મી. વિસ્તારની ચકાસણી પૂર્ણ કરી લેવામાં આવી છે, જેમાં ૫૫૪ ચો.કિ.મી. ગીર રક્ષિત વિસ્તાર અને ૪૦૦ ચો.કિ.મી. ગીર બહારના વિસ્તારનો સમાવેશ થાય છે. આ ચકાસણી દરમિયાન ૨૯૬ સિંહો જોવા મળ્યા છે. જે પૈકી ફક્ત ૩ સિંહોમાં સામાન્ય ઈજા જોવા મળેલ જ્યારે બાકીના ૨૯૩ સિંહ સારી અને તંદુરસ્ત હાલતમાં જોવા મળ્યા છે. ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને ગીર અભ્યારણના સંલગ્ન વિસ્તારમાં સામાન્ય ઈજાવાળા ૨ સિંહને સ્થળ ઉપર જ સારવાર આપીને સ્થળ ઉપર જ મુક્ત કરવામાં આવેલ છે. જ્યારે ભાવનગરના રેવન્યુ વિસ્તારમાંથી સામાન્ય ઈજા ધરાવતા ૧ સિંહને રેસ્ક્યુ સેન્ટરમાં લાવવામાં આવેલ છે. દલખાણીયા રેન્જના સરસીયા વીડીના જે વિસ્તારમાં ૧૪ સિંહના મૃત્યુનો બનાવ બન્યો હતો. ત્યાંથી ૩ સિંહ, ૩ સિંહણ અને ૧ સિંહબાળ એમ કુલ ૭ સિંહને પકડવામાં આવ્યા છે. આ પકડાયેલ તમામ ૭ સિંહ સારી અને તંદુરસ્ત હાલતમાં દેખાયા છે.




મોડાસાનગરમાં ઓધારી મંદિર ખાતે પતંજલી યોગ સમિતિ દ્વારા સ્વામી રામદેવજી મહારાજ અને શ્રધેય બાલકૃષ્ણ મહારાજના પરમ શિષ્ય સાધ્વીદેવી પવિત્રાબેન અને પુષ્પાબેન તેમજ ગુજરાત મહિલા પ્રભારી સોનીકાબેનના સાન્નિધ્યમાં નિઃશુલ્ક યોગશિબીર આયોજન કરવામાં આવેલ છે. જેમાં તેઓ દ્વારા વિવિધ યોગ આસનો અને રોગ સંબંધીત માહિતી અને તેના નિવારણ અંગે ઉપયોગી જાણકારી અપાય છે. આ શિબિરમાં નગરમાંથી મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. આ આયોજનમાં રોહિતભાઈ પ્રજાપતિ અને લતાબેન પંચાલ સારી એવી જહેમત ઉઠાવી હતી.

# રાજકોટમાં ફાઈનાન્સરો અને બિલ્ડરો પર વ્યાપક દરોડા

### ત્રણ કરોડથી વધુની રોકડ જપ્ત થતાં ખળભળાટ : રાજકોટ શહેરનાં બિલ્ડરો, ફાયનાન્સરો પર પણ આઇટી વિભાગના અધિકારીઓએ દરોડા પાડી સપાટો બોલાવ્યો

અમદાવાદ, તા.૨૬

રાજકોટ શહેરમાં આજે આવકવેરા વિભાગના અધિકારીઓ જાણીતા ડેકોરા ગ્રુપ, સ્વાગત ગ્રુપ અને લાડાણી ગ્રુપ પર ત્રાટકયા હતા અને તેમના ઓફિસ,નિવાસસ્થાનો સહિતના સ્થળોએ દરોડો પાડી સપાટો બોલાવ્યો હતો. જેમાં આઈટી વિભાગે પ્રાથમિક તબક્કામાં જ રૂ.ત્રણ કરોડની રોકડ રકમ જપ્ત કરતાં રાજયભરમાં ભારે ખળભળાટ મચી ગયો છે. આઈટી વિભાગે ડેકોરા ગ્રુપ, સ્વાગત ગ્રુપ અને લાડાણી ગ્રુપના ત્યાંથી ઢગલાબંધ જમીનનાં દસ્તાવેજો અને વાંધાજનક દસ્તાવેજો-કાગળો પણ જપ્ત કર્યા હતા. આઈટી વિભાગની આ કાર્યવાહીમાં હવે કરોડોનું કાળું નાણું બહાર આવવાની શક્યતા સેવાઈ રહી છે. બીજીબાજુ, રાજકોટ શહેરનાં જાણીતા બિલ્ડરો, ફાયનાન્સરોને ત્યાં પણ આઈટી વિભાગના અધિકારીઓએ દરોડા પાડી સપાટો બોલાવ્યો હતો. જેને પગલે આજે સમગ્ર રાજકોટ શહેરમાં આઈટી દરોડા અને કાર્યવાહી ટોક ઓફ ધ ટાઉન મુદ્દો બની રહ્યો હતો. આઈટી વિભાગનાં દરોડામાં ડેકોરા ગ્રુપનાં જમનભાઈ પટેલ અને તેમના પુત્ર નિખિલ પટેલના ત્યાં દરોડા પાડવામાં આવ્યા હતા તો, જમન પટેલનાં ભાગીદાર કુલદીપ રાઠોડને ઘરે પણ દરોડાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. આ જ પ્રકારે ધીરુભાઈ રોકડ, પુત્ર ચેતન રોકડ, ગોપાલ ચુડાસમાને ત્યાં પણ દરોડા પડયા હતા. છગનભાઈ પટેલનાં ઘરે પણ આઈટી વિભાગ દ્વારા તપાસ હાથ ધરાઈ હતી. યુથ કોંગ્રેસનાં પ્રમુખનાં ભાઈ કુલદીપ રાઠોડનાં ઘરે પણ દરોડા પડતાં ભારે ચકચાર મચી ગઈ હતી. શહેરમાં વહેલી સવારથી જ આઈટી વિભાગનાં ૧૩૨ અધિકારીની ૪૮ ટીમ દ્વારા મેગા ઓપરેશન હાથ ધરાયું હતું.

# વર્લ્ડ ફાર્માસિસ્ટસ-ડેની ગણપત યુનિવર્સિટીના થઈ શાનદાર ઉજવણી




ગણપતવિદ્યાનગર, તા. ૨૬

ગણપત યુનિવર્સિટીની અંગભૂત એવી શ્રી એસ.કે. પટેલ કોલેજ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ દ્વારા ગઈકાલે ‘વર્લ્ડ ફાર્માસિસ્ટસ-ડે સેલિબ્રેશન’નું આયોજન થયું હતું. ઈન્ડિયન ફાર્માસ્યુટિકલ એસોસિએશનની મહેસાણા લોકલ બ્રાન્ચના સહયોગમાં ગણપત યુનિવર્સિટી દ્વારા યોજાયેલા આ વિશ્વ ફાર્માસિસ્ટસ દિવસની ઉજવણીના ભાગરૂપે આખા દિવસ દરમિયાન વિદ્યાર્થીઓ માટે અનેકવિધ કાર્યક્રમોનું આયોજન થયું હતું. જેમાં ફાર્માકેસ રિપોર્ટ, ફાર્મા પોસ્ટર, ફાર્મા ક્વિઝ, ફાર્મા માર્કેટિંગ અને ફાર્મા ઈલોક્યુશન જેવાં ફાર્મા-ઈવેન્ટસનો સમાવેશ થાય છે. ‘ફાર્માસિસ્ટસ : યોર મેડિસિન્સ એક્સપર્ટસ’ નામના થીમ ઉપર યોજાયેલા આ ઉજવણી-કાર્યક્રમોના અંતે સાંજે સમાપન કાર્યક્રમમાં વિવિધ સ્પર્ધાઓના વિજેતા વિદ્યાર્થીઓને ઈનામો અને પ્રમાણપત્રો એનાયત થયા હતા.

આ સમારંભના પ્રારંભે ગણપત યુનિ.ના પ્રો. વાઈસ ચાન્સેલર અને ફાર્માસીસ્ટ કોલેજના પ્રિન્સિપાલ પ્રો. ડૉ. આર.કે. પટેલે ફાર્માસિસ્ટસ-ડેનું મહત્વ સમજાવ્યું હતું.

# મધ્યાહન ભોજનના કર્મચારીઓને ન્યાય નહીં મળતા મહામંડળના પ્રમુખનું ઉપવાસ આંદોલન

ગાંધીનગર, તા.૨૬

છેલ્લા ઘણા સમયથી મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓના પડતર પ્રશ્નોનો ઉકેલ આજદિન સુધી આવ્યો નથી. જેથી મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. કર્મચારીઓ છેલ્લા ૩૩ વર્ષથી સામાન્ય વેતનમાં કામ કરી રહ્યા છે. ત્યારે ગુજરાત રાજ્ય મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળના પ્રમુખ તા. ૨૫ સપ્ટેમ્બરથી ૭૨ કલાકના ઉપવાસ ગાંધીનગર મુકામે શરુ કર્યા છે. સરકાર દ્વારા જો હકારાત્મક નિર્ણય નહીં આવે તો આગામી રણનિતી નક્કી કરીને કર્મચારીઓ પોતાના ઘરે આમરણાંત ઉપવાસ શરુ કરશે તેવી ચિમકી ઉચ્ચારી છે.

આજના સમયની કારમી મોંઘવારીમાં મધ્યમ વર્ગ પીસાઈ રહ્યો છે. તો બીજી તરફ નાના વર્ગના નાગરીકોની હાલત દિન પ્રતિદિન કફોડી બનતી જાય છે. ત્યારે છેલ્લા ૩૩ વર્ષથી સામાન્ય વેતને કામ કરતા કર્મચારીઓની હાલત દયનીય બનવા પામી છે. ગુજરાત રાજ્ય મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળ છેલ્લા ૨૭ વર્ષથી મૌખિક તેમજ લેખિત રજુઆત સરકાર સમક્ષ કરી છે. છતા સરકારના બહેરાકાને ગરીબોની ગુહાર સંભળાતી નથી. આમરણાંત ઉપવાસ અને




આત્મવિલોપન જેવા ગંભીર કાર્યક્રમો આપવા છતા સરકારના પેટનું પાણી હલ્યું નથી. અધધ પગાર હોવા છતા જનતાના પ્રતિનિધીના પગારમાં જો વધારો થઈ શકતો હોય તો મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓનો કેમ નહી તેવી આક્રોશ સાથે રજુઆત કર્મચારીઓ કરી રહ્યા છે. ત્યારે મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓની પડતર માંગણી સાથે ગુજરાત રાજ્ય મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળના પ્રમુખ ચંદનસિંહ વાઘેલા ગત તા. ૨૫ સપ્ટેમ્બરથી ૭૨ કલાક માટે ઉપવાસ આંદોલન શરુ કર્યુ છે જે તા. ૨૭-૯-૧૮ના રોજ પૂર્ણ થશે.ત્યાં સુધીમાં સરકાર દ્વારા હકારાત્મક વલણ નહીં દાખવે તો આગામી સમય માટે રણનીતી નક્કી કરાશે અને કર્મચારીઓ ઘરે જ આમરણાંત ઉપવાસ પર ઉતરશે તેવી ચિમકી યોજનાના કર્મચારીઓએ ઉચ્ચારી છે.

# શુક્રવારે ઓનલાઈન દવાના વેપારની સામે સાબરકાંઠા-અરવલ્લીમાં દવાના વેપારીઓનું બંધનું એલાન

તલોદ, તા. ૨૬

સરકારે ‘ઓનલાઈન’ દવા વેપારને પોષણ પુરૂ પાડી દેશભરના દવા બજારના વેપારીઓ સાથે અમાનુષી અને ઓરમાયી નીતિ દાખવી છે. જેનો સજ્જડ વિરોધ કરવા કાલે શુક્રવારે સમગ્ર દેશના દવા બજારને સંપૂર્ણ બંધ પાડવા દેશ અને રાજ્યકક્ષાના સંગઠને એલાન આપેલ છે. આ દેશવ્યાપી એક દિવસીય (ટોકન) બંધના એલાનને પગલે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની મળી ૧ હજાર જેટલી દવાની દુકાનો તા. ૨૮-૯-૧૮ સુક્રવારે સંપૂર્ણપણે બંધ રહેશે. બંને જિલ્લાના તાલુકા મથકોએ એક-એક દવાની દુકાન વૈકલ્પિક સ્વરૂપે અને માનવતાને ધોરણે ચાલુ રાખવાનો નિર્ણય પણ નગર અને જિલ્લા કેમિસ્ટ એસોસીએશને કરેલ છે.

છેલ્લા કેટલાક સમયથી ઓનલાઈન દવાઓના વેચાણમાં બેફામ અને બેરોકટોક વધેલા વ્યાપને કારણે દેશભરના દવાના વિક્રેતાઓના ધંધાની હાલત કફોડી થવા પામી છે. દવાના વેપારીઓ માટે કડક કાયદા અને આક્રમક વલણ જ્યારે ઓનલાઈન ગમે તે દવા વેચનાર માટે મોકળુ મેદાન જેવી નીતિ-રીતિ સરકારે અખત્યાર કરી હોઈ સમગ્ર દેશના છૂટક અને જથ્થાબંધ દવા બજારમાં ભારે મંદીનો માહોલ ઉદ્‌ભવતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની ‘એકને ગોળ અને બીજાને ખોળ’ જેવી નીતિનો પ્રચંડ વિરોધ કરવા દવા બજારના વેપારીઓના સ્થાનિકથી માંડી દેશકક્ષા સુધીના સંગઠનોએ હાલ તો પ્રાથમિક તબક્કે આંદોલનના ‘ટોકન સ્વરૂપે’ એક દિવસીય દેશવ્યાપી દવા બજાર બંધનું એલાન કરીને દવા બજાર ઉપર ઓનલાઈન વેચાણ થકી પડેલા ઘા ની આહં સરકારના કર્ણપટલ પર પહોંચાડવા પ્રયાસ કરેલ છે. જે અન્વયે ધી ફેડરેશન ઓફ ગુજરાત સ્ટેટ કેમિસ્ટસ એન્ડ ડ્રગીસ્ટસ એસોસીએશનને પણ બંધને સો ટકા સફળ બનાવવા રાજ્યભરના દવા બજારના વેપારીઓને હાંકલ કરી છે.

## નાવિક ફસાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભોજન અને પેયજળની નામમાત્રની આપૂર્તિ કરવામાં આવી રહી છે.

ફસાયેલા નાવિકોમાંથી એકે કહ્યું,’અમે કેવી રીતે જીવીત છીએ. અમારો વજન સાત-આંઠ કિલો ઘટી ચૂક્યો છે. અમારી પાસે શક્તિ નથી બચી. ત્યાં જ અમારા પરિવારજનો પણ પરેશાન થઈ રહ્યા છે. સ્થિતિ એવી બની ગઈ છે કે, અમે આત્મહત્યા કરવાના કિનારા પર છીએ.’

નોંધનિયા છે કે, નાવિકો પાસે સંયુક્ત અમરબ અમીરાત (યૂએઇ)ના વિઝા નથી. આ જ કારણે તેઓ જહાજ પરથી ઉતરી પણ શક્તા નથી.

## શરતી માન્યતા

● અનુસંધાન પહેલાનું ચાલુ

જોગવાઈની વિરુદ્ધમાં છે. આધાર બિલકુલ સુરક્ષિત છે અને આધારની બંધારણીયતા પર ચુકાદો આપતા સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે કેન્દ્ર સરકાર ડેટા પ્રોટેક્શન સાથે સંબંધિત કાનુન લાવે તે જરૂરી છે. આધાર સામાન્ય નાગરિકોની ઓળખ છે અને આધારથી ગરીબોની સ્થિતી મજબુત થઈ છે. સુપ્રીમ કોર્ટે ચુકાદો આપતા કહ્યું હતું કે, સ્કુલમાં પ્રવેશ મેળવવા માટે આધારને ફરજિયાત બનાવવાની બાબત જરૂરી નથી. કોર્ટે એમ પણ કહ્યુ હતું કે, કોઈપણ મોબાઈલ કંપની આધાર કાર્ડની માંગ કરી શકે છે. ચુકાદો વાંચતા જસ્ટિસ એકે સિકરીએ કહ્યુ હતું કે, આધાર કાર્ડની ડુપ્લીકેશી શક્ય નથી. આનાથી ગરીબોને તાકાત મળી છે. સુપ્રીમ કોર્ટે પોતાના નિર્દેશમાં એમ પણ કહ્યુ છે કે, સરકારે આ બાબતની ખાતરી કરવી જોઈએ કે, બિનનિવાસી ભારતીયોને આધાર કાર્ડ ન મળે તે જરૂરી છે. ટૂંકમાં જ મજબૂત ડેટા સુરક્ષા કાયદો બનાવવાની જરૂર છે. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં ઠેરવ્યું હતું કે, કોઈપણ વ્યક્તિને આપવામાં આવનાર આધાર નંબર યુનિક નંબર હોય છે જેને બીજાને આપી શકાય નહીં. આધાર એનરોલમેન્ટ માટે નાગરિકો પાસેથી માહિતી મેળવવામાં આવે છે. આધાર કાર્ડ અને ઓળખપત્ર વચ્ચે એક અંતર છે. બાયોમેટ્રિક સૂચના એક વખતે સ્ટોર કરવામાં આવે છે જે સ્ટોરમાં રહે છે. જસ્ટિસ સિકરીએ સીજેઆઈ દિપક મિશ્રા અને જસ્ટિસ ખાનવીલકર તરફતી ચુકાદો આપ્યો હતો જ્યારે જસ્ટિસ ચંદ્રચુડ અને જસ્ટિસ એ ભૂષણ અલગ અભિપ્રાય આપ્યો હતો.

સુપ્રીમ કોર્ટમાં તર્કદાર દલીલો કરવામાં આવી હતી. આધારના ડુપ્લીકેટનો કોઈ ખતરો નથી. આધારની કાયદેસરતાને પડકાર ફેંકનાર ૨૭ અરજીઓ ઉપર આશરે ચાર મહિના સુધી ચર્ચા ચાલી હતી. લાંબી ચર્ચા બાદ સુપ્રીમ કોર્ટે મે મહિનામાં ચુકાદો અનામત રાખ્યો હતો. મામલાની સુનાવણી જાન્યુઆરી મહિનામાં શરૂ કરવામાં આવી હતી. ત્યારબાદ આશરે ૩૮ દિવસ સુધી આ મામલાની સુનાવણી ચાલુ હતી.

## શેરડી

● અનુસંધાન પહેલાનું ચાલુ

પટણામાં પાટલીપુત્ર અશોક હોટલ અને ગુલમર્ગમાં અધુરી રહી ગયેલી હોટલને રાજ્ય સરકારને પરત કરી દેવામાં આવશે. કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં જીએસટી નેટવર્કને ૧૦૦ ટકા સરકારી કંપની બનાવવાના પ્રસ્તાવને પણ મંજુરી આપી હતી. તેમણે ઉમેર્યુ હતું કે, જીએસટી નેટવર્ક યુપીએ સરકારના ગાળામાં બની હતી. તે વખતે ૪૯ ટકા સરકાર અને ૫૧ ટકા નાણાંકીય સંસ્થાઓની હિસ્સેદારી હતી. આ કંપની પ્રાઈવેટ ગણાતી હતી જ્યારે ૪૯ ટકા હિસ્સામાં કેન્દ્ર અને રાજ્યોનો હિસ્સો હતો. હવે તે ૧૦૦ ટકા કંપની બની જશે. છત્તીસગઢમાં કથગોરાથી લઈને દોનગઢ સુધી રેલવે લાઈનની જાહેરાત કરવામાં આવી છે. રાજ્ય સરકાર અને રેલવે વચ્ચે આ સમજૂતિ કરવામાં આવી છે. ૨૯૪ કિલોમીટર લાંબી લાઈન ઉપર ૫૯૫૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. રાજસ્થાન અને પંજાબ માટે પણ જાહેરાત કરવામાં આવી છે. સરહિંદ ફીડર કેનાલ અને રાજસ્થાન ફીડર કેનાલની રિલાઈનિંગ માટે ૮૨૫ કરોડ રૂપિયાની નાણાંકીય સહાયતાની જાહેરાત કરવામાં આવી છે. કેબિનેટે મેડિકલ કાઉન્સિલ એક્ટમાં સુધારા માટે વટહુકમને મંજુરી આપી દીધી છે. રાષ્ટ્રપતિએ પહેલાથી જ લીલીઝંડી આપી દીધી છે.

## રોષ ખાળ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કક્ષાએ જરાપણ ન હોય તેવો કચવાટ કાર્યકર્તાઓમાં પ્રબળ બન્યો છે. સોશિયલ મીડીમાં પ્રચાર માટે માહીર ગણાંતા ભાજપના વોટસ એપ ગૃપમાં પણ બે ભાગલા છે. ગાંધીનગર ભાજપ.. અને અમે સૌ ભાજપ .. પરંતુ કોર્પોરેટ પતિની ઓડીયો ક્લીપ વાઈરલ થયા બાદ આ ગૃપમાં પણ કાર્યકર્તાઓનો આક્રોશ સામે આવ્યો છે. પક્ષમાં કાર્યકર્તાઓની અવગણના થઈ રહી હોવાનો રોષ વોટસ એપ ગૃપમાં ખાળવામાં આવતા ગૃપ એડમીન અને પક્ષના નેતાએ આવા કાર્યકર્તાઓને પણ ગૃપમાંથી રીમુવ કરીને કાર્યકર્તાઓનો અવાજ દબાવી દીધો હોવાનુ પણ રાજકીય વર્તુળમાં ચર્ચાઈ રહ્યુ છે. ગ્રાઉન્ડ લેવલે જ નહીં પરંતુ સોશિયલ મીડીયામાં પણ ભાજપમાં ભાગલા જોવા મળી રહ્યા છે. સ્થાનિક કાર્યકરોની નારાજગી , અસંતોષ અને અવગણના આગામી દિવસોમાં ભાજપને ભારે પડે તો નવાઈ નહીં..તેમ પણ હાંસિયામાં ધકેલાતા કાર્યકરોનુ માનવુ છે.

## નવો અભિગમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાથે ફરિયાદ ચોરી કે અન્ય ફરિયાદ-અરજી કે પાસપોર્ટ સહિતના કામ માટે બાળકો માતાપિતા સાથે પોલીસ મથકે આવતાં હોય છે. આવા સંજોગોમાં પોલીસ મથકમાં લોકઅપ, પોલીસની ઉગ્રતા કે તોછડાઈભરી વાતચીત, ગુનેગારોની સતત અવરજવર સહિતના માહોલમાં બાળકોના મગજ પર વિપરીત અસર પડતી હોય છે. પોલીસ અને પોલીસ મથકની આ વર્ષોજૂની છબીના કારણે નાગરિકો તો ઠીક પણ બાળકો પણ પોલીસ મથકના પગથિયા ચઢતાં ગભરાય છે. આ અંગે રાજ્યના અધિક પોલીસ મહાનિદેશક સીઆઈડી ક્રાઈમ અનિલ પ્રથમે જણાવ્યું હતું કે બાળ ગુનેગારો કે ગુનાનો ભોગ બનનારા બાળકો કે માબાપ સાથે પોલીસ સ્ટેશનમાં આવતા બાળકોને પોલીસ સ્ટેશનમાં ફ્રેન્ડલી વાતાવરણ મળે તે હેતુથી ચાઈલ્ડ ફ્રેન્ડલી કોર્નરનો કોન્સેપ્ટ શરૂ કરાયો છે, જે ક્રમશઃ રાજ્યભરમાં અમલી થશે. બાળ ગુનેગારો કે ગુનાનો ભોગ બનનારા બાળકોને વારંવાર પોલીસ સ્ટેશન આવવું પડે છે તેના કારણે તેમના મગજ પર વિપરીત અસર ન પડે તે માટે પણ ફ્રેન્ડલી વાતાવરણ જરૂરી છે.

## મનના ઉમંગો

● ચોથા પાનાનું ચાલું

એવું કાંઈ નહીં !
હવે માટીની ગંધ અને ભીનો સંબંધ અને મઘમઘતો સાદ
એવું કાંઈ નહીં !

બહુ સુંદર કવિતા છે. વરસાદી માહોલમાં ઊંચા સાદે ગાવાનું મન થઈ જાય એવું ગીત છે. પણ એકનું ગીત બે વાર લખું તે તમને નહીં ગમે. અને ભગવતીકાકા પાસે વરસાદના ગીતો વળી ક્યાં ખોટ છે તે આપણે મૂંઝાવું પડે.શરૂઆતમાં આપણે અઢી અક્ષરના ચોમાસાની વાત કરી હતી. આમ તો ચોમાસુ શબ્દના ત્રણ અક્ષર છે તો પછી શર્માજીએ એને અઢી અક્ષરનું કેમ કહ્યું હશે ? વર્ષા શબ્દના અઢી અક્ષર થાય છે. એમ તો પ્રેમ શબ્દના ય અઢી અક્ષર થાય છે ( ઢાઈ અક્ષર પ્રેમકા પઢે સો પંડિત હોય ) કવિશ્રી આ અઢી અક્ષરની વાત કરવા માંગતા હશે ? લાગે છે તે એવું. કાંઈ નહીં એકવાર ગીત તો સાદ્દભળો, સમજાય તો ઠીક છે. નહીંતર શ્રી દલપતભાઈ પઢિયાર કહે છે તેમ ના સમજવાની ય એક મઝા છે.

અઢી અક્ષરનું ચોમાસું
અઢી અક્ષરનું ચોમાસું ને બે અક્ષરના અમે;
ખોટ પડી અડધા અક્ષરની, સજન, પૂરજો તમે !
ત્રણ અક્ષરના આકાશે આ બે અક્ષરની વીજ,
બે અક્ષરનો મોર છેડતો સાત અક્ષરની ચીજ.
ચાર અક્ષરની ઝરમર ઝીલતાં રૂવાડાં સમસમે,
ખોટ પડી અડધા અક્ષરની ,સજન, પૂરજો તમે !
ચાર અક્ષરના બાર મેઘમાં છલબલ આપણાં ફળિયાં;
આંખમાં આવ્યાં પાંચ અક્ષરનાં ગળાબૂડ ઝળઝળિયાં !
ત્રણ અક્ષરનું કાળજું કહો ને, ઘાવ કેટલા ખમે ?
ખોટ પડી અડધા અક્ષરની ,સજન, પૂરજો તમે !
પાંચ અક્ષરનો મેઘાડંબર, બે અક્ષરનો મેહ,
અઢી અક્ષરના ભાગ્યમાં લખિયો અઢી અક્ષરનો વ્રેહ !
ત્રણ અક્ષરનું માવઠું મુજ સંગ અટકળ અટકળ રમે !
ખોટ પડી અડધા અક્ષરની ,સજન, પૂરજો તમે !

છેલ્લી કડીમાં પાંચ અક્ષરનો મેઘાડંબર એ તો બરાબર છે.બે અક્ષરનો મેહ એ પણ બરાબર છે.( જો કે અઢી અક્ષરનું ચોમાસુ સ્મરણમાંથી કેમે કરીને ભૂંસાતું નથી. દરેક પંક્તિએ યાદ યાદ આવી જાય છે.)પણ અઢી અક્ષરનું ભાગ્ય અને એટલા જ અક્ષરનો વ્રેહ મતલબ કે વિરહનો કવિએ ગજબનો મેળ પાડ્યો છે ! પેલા પ્રેમ શબ્દના ય અઢી અક્ષર જ છે ને ? આમ પ્રેમ અને વિરહ ભલે સામ્સામા પલ્લામાં હોય એક સરખો અક્ષરભાર ધરાવે છે. પણ મોટામાં મોટો સવાલ એક જ છે. કવિશ્રીને ખબર નહીં કયા અડધા અક્ષરની ખોટ પડી હશે ?